ક્રિ.કે.નં.– ૧૮૫૨/૨૦૨૩

## <u>આંક –૧નીચે હુકમ :–</u>

સદર કામે આરોપી વીરુધ્ધ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશન દવારા એ ગુના.રજી.નં. ૧૭૦/૨૦ થી આઈ.પી.સી.કલમ ૩૭૯,૧૧૪ મુજબ સજાપાત્ર ગુનાની ફરીયાદ દાખલ કરેલ હોય તેને ક્રિમિનલ કેસ નં.૧૮૫૨/૨૦૨૩થી અદાલતમા દાખલ કરવામા આવેલ છે. અને જે કેસનુ રેકર્ડ દયાન પુર્વક વંચાણે લેતા આરોપી નં.(૧) નરેશભાઈ ફતીયાભાઈ ભુરીયા રહે. સીમળ ફળીયુ જી. જાબુઆ મેઘનગર (૨) રસુલભાઈ સમસુભાઈ કળમી રહે. પતરા સીમળ ફળીયુ જી. જાબુઆ મેઘનગર (૩) પ્રકાશભાઈ ચીમળીયાભાઈ ભુરીયા રહે. પત્રા સીમળ ફળીયુ જી. જાબુઆ મેઘનગર ઘણા લાબા સમયથી હાજર રહેતા ન હોય અને તેઓના પ્રોસેસ પણ યોગ્ય શેરા સાથે પરત આવતા ન હોય તેમજ તેઓના જામીનદાર પણ મળી આવતા ન હોય આરોપી નજીકના ભવીષ્યમા પણ હાજર રહી શકે તેમ જણાઈ આવતુ ન હોય ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૯૯(૧) અને તેની સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૫–૦૫–૨૦૧૭ના રોજ ઈસ્યુ થયેલ સકર્યુલર નંબર–સી.૨૬૧૮/૧૬ને દયાને લેતા આરોપીની ગેર હાજરીમા પુરાવો નોધવો યોગ્ય તેમજ વ્યાજબી જણાતો હોય અને તેમ કરવાથી ન્યાયનુ હીત જોખમાશે નહી તેમ અત્રેની અદાલતનુ માનવુ હોય આરોપીની ગેર હાજરીમા ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ –૨૯૯(૧) હેઠળ ફરીયાદપક્ષનો પુરાવો આથી નોધવાનો આદેશ કરવામા આવે છે. વધુમા હુકમ કરવામા આવે છે કે જો આરોપી ભવીષ્યમા હાજર થશે તો તેઓ ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ જો સદર સાહેદો જુબાની આપવા માટે સક્ષમ અને ઉપલબ્ધ હશે તો,કરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૧૯ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૯/૦૮/૨૦૨૫

સ્થળ – દાહોદ.

( પી.એલ.પટેલ)<br>એડી.ચીફ જયુડી.મેજી. એન્ડ<br>પ્રિન્સી.સીની.સીવીલ જજ<br>દાહોદ.

એડી.ચીફ જયુડી.મેજી.દાહોદ.